BUSINESS મિત્ર

શોર્ટટર્મમાં શેરબજારમાં સારૂં વળતર મેળવવું મુશ્કેલ: ટ્રેડડીલ ઉપર નજર રહેશે

સાપ્તાહિક આધાર પર ગત સપ્તાહે બજારમાં બે સપ્તાહની તેજીનો ઘટાડો, રૂપિયામાં સુધારો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 5: વર્ષના પ્રથમ છ મહિનામાં ભારતીય શેરબજારમાં અસ્થિરતાનો માહોલ જોવા મળ્યો હતો. જે સપ્તાહમાં બજારમાં બે સપ્તાહની તેજીને બ્રેક વાગી છે અને ઘટાડો નોંધાયો છે. જ્યાં સુધી ભારત-અમેરિકાના ટ્રેડડીલના અંતિમ નિર્ણય જાહેર નહીં થાય ત્યાં સુધી બજારમાં અસ્થિરતા ચાલુ જ રહેશે. આ ઉપરાંત, ભૂરાજકીય તણાવની અસર જોવા મળી હતી. જોકે, હવે બજાર કરેકશનમાંથી બહાર આવ્યું છે. બજારને સમય નક્કી કરવું હંમેશા મુશ્કેલ રહ્યું છે. રકારની રાજકોષીય નીતિ સકારાત્મક છે. આરબીઆઈ મોનીટરી પોલિસીની અસર જોવા મળી હતી. કેપેક્સ માટેનો દ્રષ્ટિકોણ સકારાત્મક છે અને ગ્રાહકોની માગ વધી રહી છે. પે કમિશન, ટેક્સ કટ, રેટ કટ દ્વારા ડિમાન્ડને સપોર્ટ મળ્યો હતો. ચોમાસુ સારૂં રહેવાની આશા છે. ભારત લાંબા ગાળે વિકાસની ગાથા છે. મધ્યમથી લાંબા ગાળા માટે સકારાત્મક દ્રષ્ટિકોણ છે.

બજાર માટે સૌથી મોટું જોખમ જિયો પોલિટીકલ ટેન્શન છે. યુએસ તરફથી ટેરિફ મુદ્દાઓ અંગે ચિંતા છે. વૈશ્વિક ઘટનાઓની અસર શક્ય છે. જોકે, બ્રોડર માર્કેટમાં રોકાણ કરવું લાભદાયી સાબિત થશે. વિતેલા સપ્તાહમાં સેન્સેક્સ 626.01 પોઈન્ટ એટલે કે 0.74 ટકા ઘટીને 83432.89 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. નિફ્ટી 176.80 પોઈન્ટ એટલે કે 0.68 ટકા ઘટીને 25461 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. બીએસઈના સ્મોલકેપ ઈન્ડેક્સ એક ટકા સુધી વધ્યા હતા. જેમાં ગ્રેબિયલ ઈન્ડિયા, સુંધુ ટ્રેડ લિંક્સ, પીસી જવેલર, એસએમએલ ઈસુઝુ, નાકલ ઈન્ડસ્ટ્રીઝ, હેરનબા ઈન્ડ., પ્રાઈમ ફોક્સ, સાઈનપોસ્ટ ઈન્ડિયામાં 20થી 42 ટકા સુધીનો વધારો નોંધાયો છે. બીજી બાજું સાધના નાઈટ્રોકેમ, સિગાચી ઈન્ડસ્ટ્રીઝ, ડ્રીમફોક્ઝ સવર્સીસ, નુવામાં હેલ્થકેર, સન્માન કેપિલ, જિંદાલ વર્ડવાઈડ, નારાયણ હૃદયાલયમાં 11.32 ટકાનો ઘટાડો રહ્યો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.6 ટકા વધ્યો હતો. લોરસ લેબ, રિલેક્સો ફુટવેર, આઈડીએફસી ફર્સ્ટ બેન્ક, કલ્યાણ જવેલર્સ, બાયોકોન, ગ્લેનમાર્ક ફાર્મા, આઈપીસીએ લેબ, અજંતા ફાર્મા, એન્ડ્રયુરન્સ ટેકનો, જીએમઆર એરપોર્ટસ, ઓરોબિન્દો ફાર્, બાલકૃષ્ણ ઈન્ડ.માં વધાર્યો હતો. બીજી તરફ, કોરોમાંડલ ઈન્ટરનેશનલ, બ્રેનબીસ સોલ્યુશન્સ, ગોદરેજ ઈન્ડ., ગોડિજિટ નજરલ ઈન્સ્યોરન્સ, એફએસએ ઈ કોમર્સ વેનચર્સ એટલે કે નાયકા ઘટયા હતા.

બીએસઈ લાર્જકેપ ઈન્ડેક્સમાં 0.6 ટકાનો ઘટાડો દર્જ કરવામાં આવ્યો છે.

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૪૯૦	કોપરેલ	૫૨૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૨૯૦	વનસ્પતિ ઘી	૨૪૭૦
સીંગતેલ (૫ લી)	૮૫૦	સનફ્લાવર	૨૨૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૪૨૦	તલતેલ	૫૨૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૨૨૦	દિવેલ	૨૩૭૦
કપાસીયા (૫ લિ.)	૮૨૦	મકાઇ તેલ	૨૪૫૦
સરસીયું તેલ	૨૬૯૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૪૦૦
એસ-૩૦	૪૩૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૦૦
એસ-૩૦	૪૨૫૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૦૦૧૦૦
તેજાબી સોનું	૧૦૦૦૧૦
દાગીના-૨૨ કેરેટ	૯૫૦૯૫
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૯૮૧૦૦
સોનાનાં બિસ્કીટ	૧૦૦૧૦૦
ચાંદી (૯૯૯)	૧૧૦૮૦૦
ચાંદી સિક્કા	૧૧૨૩૦૦

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂ.	૭૫/૩૬ ''	૧૨૭	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૫૪	૫૦/૩૬ ''	૧૩૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૩૯
૩૦/૩૬ એફડી	૨૬૨	૫૦/૪૮ SD/કેપ	૨૨૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૭૩
૬૨/૩૬ ક્રિમ્પ	૧૩૩	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૧૪ ક્રિમ્પ	૧૩૧.૫
૬૮/૩૬	૧૨૬	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૨૪
૭૨/૩૬ ક્રિમ્પ	૧૨૬	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧૨૪
૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૨૪
૮૪/૪૮ ક્રિમ્પ	૧૨૪	૮૦/૭૨ રોટો	૧૩૦	૭૫ ક્રિમ્પ	૧૨૩
૩૦/૧૪ ક્રિમ્પ	૧૭૩	૮૦/૭૨ ફોલ્ડર	૧૪૨	૮૦ ક્રિમ્પ	૧૨૯
૮૦/૭૨ રોટો.	૧૨૭.૨૫	૧૬૦ ડીસ્કેટ	૧૪૨	૮૦/૭૨ રોટો	૧૨૮
૮૦/૩૬ રોટો.	૧૨૬	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૦	૮૦/૧૦૮ ''	૧૩૪	૩૦/૩૬ એફડી	---

ભારત વિશ્વનો ચોથા ક્રમનો આર્થિક સમાનતા ધરાવતો દેશ બન્યો

૨૦૧૧-૧૨થી ૨૦૨૨-૨૩ના ગાળામાં ભારતમાં આર્થિક અસમાનતા ઘણી ઘટી: વિશ્વ બેંક

આર્થિક સમાનતાની બાબતમાં ભારતની સ્થિતિ ચીન અને અમેરિકા કરતા પણ ઘણી સારી

નવી દિલ્હી, તા. ૫(પીટીઆઇ): ૨૦૧૧-૧૨ અને ૨૦૨૨-૨૩ વચ્ચે ભારતમાં અસમાનતામાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જે તેને વિશ્વભરમાં ચોથો સૌથી વધુ સમાનતા ધરાવતો દેશ બનાવે છે, એમ વિશ્વ બેંકના અહેવાલમાં જણાવાયું છે.

આ ઉપરાંત, ભારે ગરીબીમાં તીવ્ર ઘટાડો થયો છે, જે ૨૦૧૧-૧૨માં ૧૬.૨ ટકાથી ઘટીને ૨૦૨૨-૨૩માં ૨.૩ ટકા થયો છે, એમ વિશ્વ બેંકના ડેટાને ટાંકીને એક સત્તાવાર પ્રકાશનમાં જણાવાયું છે. છેલ્લા દાયકા દરમિયાન અપનાવવામાં આવેલી વિવિધ પહેલ અને યોજનાઓને અસમાનતામાં ઘટાડો થયો હોવાનો દાવો સરકારે કર્યો છે.

સમાનતાના માપદંડ, ગિની ઇન્ડેક્સનો સ્કોર ભારત કરતા વધુ સારો ધરાવતા ફક્ત ત્રણ દેશો સ્લોવાક રિપબ્લિક, સ્લોવેનિયા અને બેલારુસ છે. ચીન, યુએસએ અને યુનાઇટેડ કિંગડમ જેવા દેશો કરતાં ભારત ઘણું સારું સ્થાન ધરાવે છે. ...ભારતનો ગિની ઇન્ડેક્સ ૨૫.૫ પર છે, જે તેને સ્લોવાક રિપબ્લિક, સ્લોવેનિયા અને બેલારુસ પછી વિશ્વનો ચોથો સૌથી વધુ સમાનતા ધરાવતો દેશ બનાવે છે, એમ નિવેદનમાં જણાવાયું છે. ગિની ઇન્ડેક્સ એ સમજવામાં મદદ કરે છે કે દેશમાં ઘરો અથવા વ્યક્તિઓમાં આવક, સંપત્તિ અથવા વપરાશ કેવી રીતે સમાન રીતે વહેંચવામાં આવે છે. તેનું મૂલ્ય 0 થી 100 સુધી હોય છે. 0 ના સ્કોરનો અર્થ સંપૂર્ણ સમાનતા થાય છે, જ્યારે 100 ના સ્કોરનો અર્થ એ થાય છે કે એક વ્યક્તિ પાસે બધી આવક, સંપત્તિ અથવા વપરાશ છે અને અન્ય લોકો પાસે કંઈ નથી, તેથી સંપૂર્ણ અસમાનતા.

ભારતીય ફિનટેક કંપનીઓએ છ મહિનામાં 88.9 કરોડ ડોલર એકત્ર કર્યા

ભારતીય ફિનટેક ક્ષેત્ર અમેરિકા અને યુકે પછી વિશ્વમાં ત્રીજા સ્થાને

નવી દિલ્હી, તા. 5: ભારતીય ફિનટેક કંપનીઓએ વર્ષ 2025ના પ્રથમ છમાસિક ગાળામાં 88.9 કરોડ ડોલર ઊભા કર્યા છે. જે 2024ના પહેલા છમાસિક ગાળામાં એકત્ર કરવામાં આવેલા 936 મિલિયન ડોલરની તુલનામાં પાંચ ટકા ઓછું છે અને 2024ના બીજા છમાસિક ગાળામાં એકત્ર કરવામાં આવેલા 1.2 અબજ ડોલરની તુલનામાં 26 ટકા ઓછું છે. આ ઘટાડા છતાં, ભારતીય ફિનટેક ક્ષેત્ર અમેરિકા અને યુકે પછી વિશ્વમાં ત્રીજા ક્રમે છે, એમ ટ્રેક્સનના અહેવાલમાં જણાવાયું છે.

ટ્રેક્સને જણાવ્યું હતું કે, ભારતીય ફિનટેક સેક્ટરમાં ભંડોળમાં કામચલાઉ ઘટાડો જોવા મળ્યો હતો, પરંતુ પ્રારંભિક તબક્કાના રોકાણમાં સ્થિર ગતિ અને એક્વિઝિશન પ્રવૃત્તિઓમાં વધારો સૂચવે છે કે રોકાણકારોનો રસ મજબૂત છે. આ ખાસ કરીને ઈનોવેશન-આધારિત મોડેલોમાં જોવા મળે છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, બેંગાલુરુનાં પ્રભુત્વ અને ઝડપથી વિકસતી કંપનીઓનાં સતત ઉદયને કારણે વૈશ્વિક ફિનટેક ક્ષેત્રમાં ભારતની સ્થિતિ મજબૂત છે. રિપોર્ટ અનુસાર, સીડ-સ્ટેજ સ્ટાર્ટઅપ્સે 2025 ના પહેલાછમાસિક ગાળામાં 91.2 મિલિયન ડોલર એકત્ર કર્યા હતા. આ 2024ના પહેલા છમાસિક ગાળામાં એકત્ર કરવામાં આવેલા 13.7 કરોડ ડોલરની તુલનામાં 33 ટકા ઓછું છે. જો કે, પ્રારંભિક તબક્કાનું ભંડોળ 10 ટકા વધીને 361 મિલિયન ડોલર થયું છે, જે 2024 ના બીજા છમાસિક ગાળામાં 329 મિલિયન ડોલર હતું. રિપોર્ટ અનુસાર, 2025ના પહેલા છમાસિક ગાળામાં 16 એક્વિઝિશન થયા હતા, જે 2024ના સમાન સમયગાળા કરતા 11 ટકા વધારે છે. જો કે, આ 2024 ના બીજા છમાસિક ગાળાની તુલનામાં 17 ટકા ઓછું છે. 702.78 અબજ ડોલરે પહોંચેલા ફિનટેક કંપનીઓ દ્વારા એકત્ર કરવામાં આવેલા કુલ ભંડોળના 55 ટકા સાથે બેંગલુરૂ મોખરે છે. મુંબઈ 14 ટકા હિસ્સા સાથે બીજા ક્રમે છે. વેન્ચર કેપિટલ કંપનીઓમાં અમેરિકાની કંપની એક્સેલે સૌથી વધુ 34 રાઉન્ડનું રોકાણ કર્યું હતું.

સમાન મુદ્દા પર સ્ટેટ અને સેન્ટ્રલ જીએસટી અધિકારી દ્વારા પેરેલલ કાર્યવાહી થાય નહીં

- નામદાર દિલ્હી હાઈકોર્ટનો અગત્યનો ચૂકાદો

કાયદાની કેડીએ...

ઈશ્વર રૂદલાલ

GSTનો કાયદો સરકાર દ્વારા એક રાજ્ય એક વેરો તરીકે પ્રસ્તુત કરવામાં આવ્યો છે. પરંતુ... ઘણી વખત સમાન મુદ્દા પર સ્ટેટ-GST અધિકારી તથા સેન્ટ્રલ GST અધિકારી દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવતી હોય છે. સેન્ટ્રલ GST કાયદાની કલમ 6(2)(બી) હેઠળ જે કિસ્સામાં યોગ્ય અધિકારી SGST કે UT GST હેઠળ કાર્યવાહી કોઈ મુદ્દા ઉપર હાથ ધરવામાં આવી હોય તો તે સમાન મુદ્દા ઉપર C GSTના અધિકારી દ્વારા પેરેલલ કાર્યવાહી થાય નહીં એવી મતલબનો રસપ્રદ ચૂકાદો તાજેતરમાં નામદાર દિલ્હી હાઈકોર્ટે આપ્યો છે. ખેર! ના.દિલ્હી હાઈકોર્ટના મે. સન ઓટોમેશન લી.વિ. સેલ્સટેક્ષ ઓફિસર-ક્લાસ 2ના તા.1-5-25ના -સી.પી.(સી) 5733/2025ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો... .

હકીકત...

અરજદાર કંપનીને સ્ટેટ અધિકારી દ્વારા તા.27-10-24ની કારણદર્શક નોટિસ આપવામાં આવી અને ત્યારબાદ તા.27-2-25નો ઓર્ડર પસાર કરવામાં આવ્યો. અને વર્ષ 2020-2021 માટે આ અધિકારી દ્વારા દંડ સાથે રૂા. 158 કરોડની ઘરખમ રકમની ડિમાન્ડ ઉપસ્થિત કરવામાં આવી. તો.. અગાઉ જોઈન્ટ કમિશનર શ્રી (એડજ્યુડીકેશન) સી.જીએસ2 દિલ્હી દ્વારા તા.30-8-24ના રોજ સમાન મુદ્દા ઉપર ઓર્ડર પસાર કરવામાં આવ્યો હતો. ત્યારે... અરજદાર દ્વારા સ્ટેટ ઓર્ડર પસાર કરવામાં આવ્યો હતો. ત્યારે... અરજદાર દ્વારા સ્ટેટ ટેક્ષ અધિકારીના આદેશને ના.દિલ્હી હાઈકોર્ટ સમક્ષ રીટ-પીટીશન ફાઈલ કરી પડકારવામાં આવ્યો.

દલીલ...

અરજદારના વિધ્વાન કાઉન્સેલે દલીલ કરતા જણાવ્યું કે સ્ટેટ ટેક્ષ અધિકારી દ્વારા સેન્ટ્રલ અધિકારીનો આદેશ ધ્યાનમાં લેવામાં આવ્યો નથી.. તથા સ્ટેટ ટેક્ષ અધિકારી દ્વારા તા.27-11-24ની કારણદર્શક નોટિસ તથા તા.27-2-25નો ઓર્ડર કાયદાની કલમ 6(2)(બી) ધ્યાને લેતા.. તે ગેરકાયદેસરનો છે અને કાયદામાં ટકી શકે નહીં. તો.. તેમણે વધુમાં જણાવ્યું કે.. સેન્ટ્રલ જીએસટી ખાતાના ઓર્ડરને કમિશનર (અપીલ્સ) સમક્ષ પડકારવામાં આવ્યો હતો અને તે અત્રે તા.3-4-25નો ઓર્ડર અપીલ અધિકારી દ્વારા પસાર કરવામાં આવ્યો હતો, કે જેમાં અરજદાર પર પેનલ્ટી લગાડવામાં આવી હતી.

ચૂકાદો...

ચૂકાદો આપતા.. ના.હાઈકોર્ટે નોંધ્યું કે સ્ટેટ ટેક્ષ અધિકારીએ સેન્ટ્રલ ટેક્ષ અધિકારીનો આદેશ ધ્યાને લીધો નથી. અને ના.હાઈકોર્ટે પોતાનો અગાઉનો અમીત ગુપ્તા વિ. યુનિયન ઓફ ઇન્ડિયાનો ચૂકાદો ધ્યાને લીધો. જેમાં ઠરાવવામાં આવ્યું હતું કે કલમ 6(2)(બી)ની જોગવાઈ ધ્યાને લેતાં સ્ટેટ ટેક્ષ અધિકારીનો પેરેલલ આદેશ અને કાર્યવાહી અયોગ્ય છે. કલમ 6(2)(બી) પાછળનો હેતુ મલ્ટીપલ પ્રોસીડીંગ્સ ટાળવાનો છે અને... ના. હાઈકોર્ટે આ ચૂકાદો ધ્યાને લેતા... સ્ટેટ ટેક્ષ અધિકારીએ એપેલેટ અધિકારી દ્વારા પસાર કરવામાં આવેલો તા.3-4-25નો આદેશ ધ્યાને લેવો અને તા.27-11-24ની કારણદર્શક નોટિસ અને તા.27-2-25ના ઓર્ડર પર.. કલમ 6(2)(બી)ને કારણે તે ટકી શકે કે કેમ ફેર વિચારણા કરવી એમ જણાવી તા.3-4-25નો આદેશ ગેરકાયદેસર ઠરાવી દૂર કર્યો અને એપેલેટ અધિકારીનો તા.3-4-25નો ઓર્ડર ધ્યાને લઈ, અરજદારને સાંભળવાની તક આપી આ મુદ્દે ફેર વિચારણા કરવા ફરમાવ્યું.

2026ના પ્રથમ ક્વાર્ટરમાં નિફ્ટી સ્મોલકેપ 250 17.83 ટકા ઉછળ્યો

સેક્ટોરલ મોરચે એફએમસીજી સેક્ટરને બાદ કરતાં તમામ કેટેગરીમાં પોઝિટિવ રિટર્ન મળ્યું

મુંબઈ, તા. 5: ભારતીય શેરબજારે જૂનમાં તમામ સેગમેન્ટમાં જોરદાર દેખાવ કર્યો હતો, જેમાં નિફ્ટી સ્મોલકેપ 250 ઈન્ડેક્સ 5.73 ટકાના ઉછાળા સાથે મોખરે રહ્યો હતો. મોતીલાલ ઓસવાલ એસેટ મેનેજમેન્ટ કંપની દ્વારા સંકલિત ડેટા મુજબ નિફ્ટી મિડકેપ 150માં મહિના દરમિયાન 4.09 ટકાનો વધારો નોંધાયો છે. જૂનમાં સ્મોલ અને મિડ-કેપ શેરોએ મજબૂત રિટર્ન આપ્યું હતું એટલું જ નહીં, છેલ્લા ત્રણ મહિનામાં તેમનું પ્રદર્શન પણ પ્રભાવશાળી રહ્યું છે.

નાણાકીય વર્ષ 2026 ના પહેલા ક્વાર્ટરમાં નિફ્ટી સ્મોલકેપ 250 ઈન્ડેક્સ 17.83 ટકા ઉછળ્યો હતો, જ્યારે આ જ સમયગાળા દરમિયાન નિફ્ટીના મિડકેપ 150 માં 15 ટકાનો વધારો થયો હતો. લાર્જ-કેપ ઈન્ડેક્સ પણ આ રેલીમાં જોડાયા હતા. જૂનમાં બેન્ચમાર્ક નિફ્ટી 3.1 ટકા અને નિફ્ટી આગામી 50 ટકા વધીને 3.35 ટકા વધ્યા હતા.

નિફ્ટી 500ના વિસ્તૃત ઈન્ડેક્સમાં મહિના-દર-મહિને 3.58 ટકાનો વધારો થયો હતો, જેને મુખ્યત્વે ફાઈનાન્સિયલ સર્વિસિસ, કન્ઝ્યુમર ડિસ્ક્રિશનરી અને કોમોડિટી જેવા ક્ષેત્રોનો ટેકો મળ્યો હતો. માઈક્રો કેપ સ્પેસ પણ પાછળ નહોતી. નિફ્ટી માઈક્રો કેપ 250માં જૂનમાં 3.03 ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી, જે મોટા, મધ્યમ, નાના અને માઈક્રો કેપ માર્કેટ સેગમેન્ટમાં વ્યાપક-આધારિત ભાગીદારીને દર્શાવે છે. મહિનાના અંતે બધા લીલા રંગમાં બંધ થઈ ગયા.

સેક્ટોરલ મોરચે એફએમસીજી સેક્ટરને બાદ કરતાં તમામ કેટેગરીમાં પોઝિટિવ રિટર્ન મળ્યું હતું. જૂનમાં આઈટી સેક્ટરનો દેખાવ પ્રમાણમાં સારો રહ્યો હતો, જેણે 4.36 ટકાનું વળતર આપ્યું હતું, જે આખું વર્ષ તણાવમાં રહ્યું હતું.

બોશે 512 રૂપિયા ડિવિડન્ડની જાહેરાત કરી

મુંબઈ, તા. 5: સૌથી વધુ ડિવિડન્ડ ચુકવતી કંપની તરીકે બોશ લિમિટેડ જોડાઈ રહી છે, જેણે નાણાકીય વર્ષ 2024-25માં સારો દેખાવ કર્યો હતો. જેમાં કંપનીએ શેરધારકોને મોટી ભેટ આપી રહ્યો છે. 27મી મેના રોજ યોજાયેલી કંપનીના બોર્ડ ઓફ ડિરેકટર્સની બેઠકમાં અનેક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. ફાઈનલ ડિવિડન્ડ શેરદીઠ રૂ. 512 છે, તેની રેકોર્ડ તારીખ 29 જુલાઈ છે. જેથી કંપનીનો શેર 4.43 ટકા વધીને રૂ. 36020 પર બંધ થયો હતો. કંપનીએ આ વર્ષે રૂ. 512 પ્રતિ શેર ફાઈનાલ ડિવિડન્ડ જાહેર કર્યુ છે. ગત વર્ષની સરખામણીએ ડિવિડન્ડ રૂ. 375 હતું. જો શેરહોલ્ડરો એજીએમમાં પ્રસ્તાવને મંજુરી આપે છે. તો તેની ચુકવણી 18 ઓગસ્ટ, 2025 પછી કરવામાં આવશે. બોશ લિ. શેરના રિટર્નની વાત કરીએ તો તેના સ્ટોકે 5 વર્ષમાં 198 ટકાથી વધુ રિટર્ન આપ્યું છે, તેજ સમયે એક વર્ષમાં 1.85 ટકાનો ઉછાળો આવ્યો છે. તેણે એક મહિનામાં 9.05 ટકા વળતર આપ્યું છે, સાથે જ એક સપ્તાહમાં 6.32 ટકા રિટર્ન આપ્યું છે.

આરવીએનએલને દક્ષિણ મધ્ય રેલવે તરફથી ઓર્ડર મળ્યો, સોમવારે એક્શનમાં રહેશે

મુંબઈ, તા. 5: રેલ વિકાસ નિગમ લિ.ના શેરમાં જોરદાર એક્શન જોવા મળી શકે છે. કારણ કે આજે કંપનીએ જાણકારી આપી છે કે, તેને મોટો ઓર્ડર મળ્યો છે. આ ઓર્ડર કંપનીને સાઉથ સેન્ટ્રલ રેલવે તરફથી ટ્રેકશન સિસ્ટમના અપગ્રેડેશન સાથે સંબંધિત કામ માટે મળ્યો છે. કંપનીએ ગત સપ્તાહે જાહેરાત કરી હતી કે તે સઘર્ન રેલવે પ્રોજેક્ટ માટે સૌથી ઓછી બોલી લગાવનાર તરીકે ઉભરી આવી છે. આમ, આ ઓર્ડરના પગલે સોમવારે એક્શન જોવા મળી શકે છે. સાઉથ સેન્ટ્રલ રેલવે તરફથી કંપનીને મળેલા આ ઓર્ડરનું કદ રૂ. 143 કરોડ છે. કંપનીએ એક્સચેન્જ ફાઈલીંગમાં જણાવ્યું હતું કે, સાલેમ જંકશન પોદાનુર જંકશન અને ઈરૂગુર-કોઈમ્બતુર જંકશન-પોદાનુર જંકશન માટે ઈલેક્ટ્રીક ટ્રેકશન સિસ્ટમમાં આ અપગ્રેડેશન થવાનું છે. પ્રોજેક્ટ પુર્ણ કરવાની અંતિમ તારીખ 24 મહિનાની છે. 30 જુને કંપની દક્ષિણ મધ્ય રેલવે તરફથી રૂ. 213.22 કરોડના ઓર્ડર માટે સૌથી ઓછી બોલી લાગવનાર તરીકે ઉભરી આવી હતી. મે મહિનામાં, સરકારી કંપનીએ નાણાકીય વર્ષ 2025માં નબળા પ્રદર્શન છતાં ચાલુ નાણાકીય વર્ષ માટે રૂ. 20થી 22 હજાર કરોડના મહેસુલી માર્ગદર્શનની પુષ્ટિ કરી હતી. સપ્તાહના અંતિમ દિવસે આરવીએનએલમાં માં નજીવો સુધારો જોવાયો હતો.

ટ્રમ્પના ટેક્સ બિલથી બજારોમાં ખળભળાટ, રોકાણકારોને 9 જુલાઈનો ભય

ટ્રમ્પના જંગી ખર્ચ બિલથી અમેરિકાના દેવામાં 3.4 ટ્રિલિયન ડોલરનો ઉમેરો થવાની ધારણા હોવાથી મોટી કરન્સી સામે ડોલર નબળો પડ્યો

નવી દિલ્હી, તા. 5: અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પના ટેક્સ કટ બિલ પાસ થયા બાદ વૈશ્વિક શેરબજારોમાં ઘટાડો થયો હતો. રોકાણકારોની નજર હવે ૯ જુલાઈના વેપાર સોદાની સમયમર્યાદા પર છે. ડોલરમાં નબળાઈ, સોનામાં મજબૂતી અને ક્રૂડમાં ઘટાડો જોવા મળ્યો. બજાર હાલમાં અનિશ્ચિતતાના સમયગાળામાં છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના સિગ્નેચર ટેક્સ કટ બિલને આખરી મંજૂરી આપતાં વૈશ્વિક શેરબજારોમાં ઘટાડો થયો હતો. આ રાજકીય સફળતા બાદ હવે દુનિયાની નજર 9 જુલાઈ પર ટકેલી છે, જ્યારે દેશોએ અમેરિકા સાથે વ્યાપારિક સમજૂતી પર હસ્તાક્ષર કરવા પડશે. અમેરિકાના સ્વતંત્રતા દિવસની રજા માટે શુક્રવારે વોલસ્ટ્રીટને બંધ કરવામાં આવી હતી, પરંતુ તેની અસર બજારો પર જ રહી હતી. ટ્રમ્પના જંગી ખર્ચ બિલથી અમેરિકાના દેવામાં 3.4 ટ્રિલિયન ડોલરનો ઉમેરો થવાની ધારણા હોવાથી મોટી કરન્સી સામે ડોલર નબળો પડ્યો હતો.

:: વેચાણ અંગેની જાહેર નોટીશ ::

ડીસ્ટ્રીક્ટ સુરત સબ ડીસ્ટ્રીક્ટ તાલુકા ઓલપાડ ના મોજે ગામ બરબોધન માં આવેલ કુલ હે. આરે. ચો.મી. ૦-૩૨-૩૭ વાળી જમીન (૧) ગુલામ મોહંમદ ઇબ્રાહીમ પટેલ, (૨) યુસુફ ઇબ્રાહીમ પટેલ, (૩) સુલેમાન ઇબ્રાહીમ પટેલ, (૪) મોહંમદ હનીફ ઇબ્રાહીમ પટેલ, (૫) ફાતમા તે ઇબ્રાહીમ પટેલ ની પુત્રી તે યુનુસ પટેલ ની ધણીયાણી નાઓના સંયુક્ત માલિકીની ચાલી આવેલ છે. ઉપરોક્ત જમીનનું વિગતવાર વર્ણન નીચે આપેલા પરિશિષ્ટમાં આપવામાં આવ્યું છે.

ક્રમ	ગામ	બ્લોક નંબર	સત્તા પ્રકાર	ક્ષેત્રફળ	ખાતા નં.
1	બરબોધન	૫૫૭	જુની શરત	૦-૩૨-૩૭	૧૬૩

ઉપરોક્ત જમીન (૧) ગુલામ મોહંમદ ઇબ્રાહીમ પટેલ, (૨) યુસુફ ઇબ્રાહીમ પટેલ,(૩) સુલેમાન ઇબ્રાહીમ પટેલ, (૪) મોહંમદ હનીફ ઇબ્રાહીમ પટેલ, (૫) ફાતમા તે ઇબ્રાહીમ પટેલ ની પુત્રી તે યુનુસ પટેલ ની ધણીયાણી નાઓના સંયુક્ત માલિકીની હોવાનું જણાવીને વેચવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જો કોઈ વ્યક્તિ પાસે ઉપરોક્ત જમીન પર કોઈ હક ,હિત, હિસ્સો, વાંધો, ભરણપોષણનો દાવો, સુવિધા, કબજો, ભાડુઆત, અથવા અન્ય કોઈ સંબંધિત દાવો અથવા અધિકાર હોય, તો તેમણે આ સૂચના પ્રકાશિત થયાના 7 દિવસની અંદર દસ્તાવેજી પુરાવા સાથે લેખિતમાં અમને જાણ કરવી જરૂરી છે. જો ઉપરોક્ત સમયગાળા દરમિયાન આવો કોઈ લેખિતમાં વાંધો/દાવો પ્રાપ્ત ન થાય, તો એવું માનવામાં આવશે કે આવા કોઈ હકો અસ્તિત્વમાં નથી અથવા જો કોઈ હોય તો તેમને છોડી દેવામાં આવ્યા છે અથવા મુક્ત કરવામાં આવ્યા છે અને અમારા અસીલ વેચાણ વ્યવહાર પૂર્ણ કરવા અને ઉપરોક્ત જમીન માટે વેચાણ દસ્તાવેજ અમલમાં મુકવા આગળ વધશે. નિર્ધારિત સમયગાળા પછી ઉઠાવવામાં આવેલ કોઈપણ વાંધો અથવા વિવાદ ધ્યાનમાં લેવામાં આવશે નહીં, અને તે મારા અસીલ પર બંધનકર્તા રહેશે નહી. જેની જાહેર જનતાને આની નોંધ લેવા જણાવવામાં આવે છે

અમારી સુચનાથી...

(૧) ગુલામ મોહંમદ ઇબ્રાહીમ પટેલ, (૪) મોહંમદ હનીફ ઇબ્રાહીમ પટેલ
(૨) યુસુફ ઇબ્રાહીમ પટેલ, (૫) ફાતમા તે ઇબ્રાહીમ પટેલ ની પુત્રી તે યુનુસ પટેલ ની ધણીયાણી
(૩) સુલેમાન ઇબ્રાહીમ પટેલ,

એ- ૧૧૬/૧૧૭, ઉમિયા કોમ્પલેક્ષ, કામરેજ ચાર રસ્તા, તા.કામરેજ, જી.સુરત ૩૯૪૧૮૦ મો.નં. 98243-87020.

પરવીન આર. મલેક
(એડવોકેટ એન્ડ નોટરી)

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
Central Bank of India

રીજીયોનલ ઓફિસ : ૧લો માળ, નરીમન અબાદ, અહુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત-૩૯૫ ૦૦૧. ફોન : ૦૨૬૧-૨૪૬૫૮૪૧, ૨૪૬૫૮૪૨

સુધારો

A/C. : મે. કિટકો સેલ્સ કોર્પોરેશન

મિલકતોની વેચાણ માટેની જાહેરાત "ઈ-હરાજી થી વેચાણ નોટીસ" જે તા. ૦૧.૦૭.૨૦૨૫ ના "ગુજરાત મિત્ર", સુરત આવૃતિમાં પ્રસિધ્ધ થયેલ છે તે તરફ ધ્યાન દોરવામાં આવે છે.

"ઈ-હરાજીથી વેચાણ નોટીસ" હેઠળ કોલમ નં. ૪ માં સ્થાવર મિલકતનો વિગતમાં ગામ-કામરેજ ના બદલે ગામ-કરંજ સુધારીને વાંચવી. અન્ય શરતો અને નિયમો યથાવત રહેશે.

તારીખ : ૦૫.૦૭.૨૦૨૫ અધિકૃત અધિકારી,
સ્થળ : સુરત સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા

ગુજરાત રાજ્ય

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઈ-ટેન્ડર ન